# ભારતીય ફોજદારી અધિનિયમ =૧૮૬૦
# ( INDIAN PENAL CODE, 1860 )
## પ્રસ્તાવના

**આ ધારો પ્રથમ કાયદા પ્રમુખ લોર્ડ મેકોલે ઘડેલ હતો અને સૌ પ્રથમ ૧૮૩૭ માં તેનો મુસદો રજૂ કરવામાં આવેલ હતો. તેમ છતાં ૬-૧૦-૧૮૬૦ ના રોજ તેને ગર્વનર જનરલની મંજુરી મળેલ હતી.** આ ધારો સમગ્ર ભારત દેશમાં જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાયના ભાગે લાગુ પડે છે.

આ ધારાની કલમ ૨ ની જોગવાઈ મુજબ આ ધારા નીચે કોઈ પણ ગુના માટે અપરાધી હોય તેવી દરેક વ્યક્તિને લાગુ પડે છે કે, તે ગુનો ભારતમાં બન્યો હોવો જોઈએ. કોઈ વિદેશીએ ભારતમાં ગુનો કરેલ હોય તો તે પણ આ ધારા નીચે જવાબદાર ગણાશે. આ ધારા હેઠળ ભારતમાં બનતા ગુના માટે હરકોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થશે. પરંતુ અમુક વ્યક્તિઓ તેવી છે કે, તેઓ ફોજદારી ધારાની જોગવાઈનું ઉલ્લંઘન કરે તેમ છતાં ફોજદારી અદાલતો તેઓ ઉપર કામ ચલાવવાની સત્તા નથી.

**રાષ્ટ્રપતિ અને રાજ્યના રાજ્યપાલોને ભારતાના બંધારણની કલમ ૩૬૧ અન્વયે દિવાની અને ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવેલી છે.** તેવી જ રીતે **વિદેશી રાજ્યકર્તાઓ, રાજદૂતો, વિદેશી દુશ્મનો વિગેરેને આ ધારો લાગુ પડતો નથી.**

આ કાયદાની કલમ ૩ મુજબ કોઈ ભારતીય પ્રજાજને ભારતની બહાર ગુનાહિત કાર્ય કર્યું હોય અને આ કાર્ય ભારતીય કાયદા હેઠળ શિક્ષાને પાત્ર બનતું હોય તો તેની સાથે એ કાર્ય ભારતમાં બન્યું હોય તે પ્રમાણે ગણીને આધારની જોગવાઈઓ મુજબ કામ ચલાવવામાં આવશે. જેમ કે કોઈ ભારતીય ઈંગ્લેન્ડમાં જઈ એવું કાર્ય કરે કે જે ત્યાં ગુનો ન બનતું હોય

**આ ફોજદારી અધિનિયમમાં કુલ ૫૧૧ કલમો છે અને ૨૩ પ્રકરણોનો સમાવેશ થાય છે.** આ કાયદાની કલમ ૫૧૧ છેલ્લી કલમ છે. આ સામાન્ય કલમ છે અને પીનલ કોડ હેઠળના ગુનાઓની કોશિશને માત્ર લાગુ પડે છે.

(૧) **આ કાયદામાં માત્ર કોશિશથી ગુના બને છે**, તેવા ગુનામાં ઈ.પી.કો. કલમ ૧૨૧, ૧૨૪, ૧૨૫, ૧૩૦, ૧૩૧, ૧૯૬, ૧૯૮, ૨૧૩, ૨૩૯, ૨૪૧, ૩૦૭, ૩૦૮, ૩૦૯, ૩૮૫, ૩૮૭, ૩૯૩, ૩૯૪, ૩૯૮ તથા ૪૬૦ છે.

(૨) **જયારે આ કાયદામાં માત્ર તૈયારીથી ગુનો બને છે.** તેમાં કલમ ૧૨૨, ૧૨૬, ૩૫૧, ૩૮૨ તથા ૩૯૯ની જોગવાઈઓનો સમાવેશ થાય છે.

(૩) **આ કાયદામાં માત્ર ગુનેગારોને આશરો આપવાના ગુનાને લગતી જોગવાઈઓમાં કલમ** ૧૩૦, ૧૩૬, ૧૫૭, ૨૧૨, ૨૧૬ તથા ૨૧૬(એ) નો સમાવેશ થાય છે

(૪) **આ કાયદામાં માત્ર મદદગારીથી થતા ગુનાઓમાં કલમ** ૧૩૧, ૧૩૩, ૧૩૫, ૧૩૮, ૩૦૫ અને ૩૦૬ નો સમાવેશ થાય છે

(૫) **આ કાયદામાં ગુનાહિત ધમકીને લગતા ગુનાઓમાં કલમ** ૫૦૬(૧), (૨) તથા ૫૦૭ નો સમાવેશ થાય છે.

(૬) **આ કાયદામાં ગુનાહિત કાવતરાને લગતી કલમોમાં કલમ** ૧૨૦(એ) અને (બી) નો સમાવેશ થાય છે.

(૭) સન ૨૦૦૫ ના સુધારા અધિનિયમ ક્રમાંક ૨૫ ના કલોઝ ૪૪ થી આ ધારાઓમાં કલમ ૧૫૩(એએ), ૧૭૪(એ), ૧૯૫(એ), ૨૨૯(એ) નવી કલમો ઉમેરવામાં આવી છે.

(૮) ગુજરાત સરકારના નોટીફીકેશન નં. જી.જી./૩૫૨/૭૯/એસ.બી.એ./૧૦૭૯/૧૦-૭૨૬ તા.૧૪-૧૨-૭૯ થી નકકી કરવામાં અવ્યું છે કે, ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૬, ૧૮૯, ૧૯૦, ૨૨૦, ૨૯૫(એ), ૨૯૮, ૫૦૫, ૫૦૬, ૫૦૭માં દર્શાવેલ ગુનાઓ રાજ્યના કોઈપણ ભાગમાં બને ત્યારે તે પોલીસ અધિકારના (કોગ્નીઝેબલ) ગુનાઓ ગણાશે તથા કલમ ૧૮૮ અને ૫૦૬ માં દર્શાવેલા ગુનાઓ બિનજામીન પાત્ર ગણાશે.

(૯) ફરિયાદ આપ્યા બાદ ફરિયાદી ફરિયાદ ઉપર સહી કરવાની ના પાડી શકે નહિ કારણ કે તેનો ગુન્હો બને છે. (IPC કલમ – ૧૮૦)

(૧૦) ફરિયાદ નહિ નોંધવી શિક્ષાપાત્ર ગુન્હો છે. તેની સામે ખાતાકીય પગલાં પણ ભરી શકાય. (IPC કલમ – ૨૧૭)

# ભારતીય ફોજદારી ધારાની અગત્યની કલમો

| કલમ | ટૂંક વિગત |
|---|---|
| ૧૦૭ | કૃત્યનું દુષ્પ્રેરણ |
| ૧૧૪ | ગુનામાં મદદગારી |
| ૧૨૦-B | ગુનાહિત કાવતરું |
| ૧૨૪-ક | રાજદ્રોહ |
| ૧૪૩ | ગે.કા. મંડળી |
| ૧૪૭ | હુલ્લડ કરવા માટે શિક્ષા |
| ૧૬૦ | બખેડા માટેની શિક્ષા |
| ૧૭૧-છ | ચૂંટણીમાં ખોટું નામ ધારણ કરવુ |
| ૧૭૬ | માહિતી ના આપવી |
| ૧૮૨ | ખોટી માહિતી આપવી |
| ૧૮૮ | રાજ્ય સેવકના હુકમનું પાલન ન કરવુ |
| ૨૦૧ | પુરાવો ગુમ કરવો |
| ૨૧૭ | રાજ્ય સેવક કાયદાના આદેશની અવજ્ઞા કરે |
| ૨૧૮ | રાજ્ય સેવક ખોટું રેકર્ડ-લખાણ બનાવે |
| ૨૨૪ | કસ્ટડીમાંથી આરોપી નાસી જાય |
| ૨૨૫ | રાજ્ય સેવકની ફરજમાં ગફલત |
| ૨૭૩ | ભેળસેળ વાળી વસ્તુ વેચવી |
| ૨૭૭ | જાહેર જળાશયનું પાણી ગંદુ કરવું |
| ૨૯૨ | અશ્લીલ પ્રદર્શન કરવુ |
| ૩૦૨ | ખૂન માટે શિક્ષા |
| ૩૦૪ | શિક્ષણીય મનુષ્યવધ |
| ૩૦૪-ક | બેદરકારીથી મૃત્યુ |

| | |
|---|---|
| ૩૦૪-B | દહેજ મૃત્યુ |
| ૩૦૬ | આપઘાત કરવા માટે દુષ્પ્રેરણા |
| ૩૦૭ | ખૂનની કોશિશ |
| ૩૧૭ | બાર વર્ષથી ઓછી વયના બાળકને અરક્ષિત મૂકી દેવો |
| ૩૧૮ | બાળકનો જન્મ છુપાવવા માટે ત્યજી દેવુ |
| ૩૨૪ | સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવી |
| ૩૨૫ | સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવી |
| ૩૨૬ | ભયંકર હથિયાર વડે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવી |
| ૩૪૧ | ગેરકાયદે અવરોધ |
| ૩૪૨ | ગેરકાયદે અટકાયત |
| ૩૫૪ | સ્ત્રી પર લાજ લેવાના ઇરાદે હુમલો |
| ૩૬૩ | અપહરણ |
| ૩૬૪ | ધન લઈને બંદીને અપાતી મુક્તિ માટે અપહરણ |
| ૩૬૫ | વ્યક્તિનું અપહરણ |
| ૩૬૬ | લગ્ન કરવાના ઇરાદે સ્ત્રીનું અપહરણ |
| ૩૭૬ | બળાત્કાર માટે શિક્ષા |
| ૩૭૭ | સૃષ્ટિક્રમ વિરુધ્ધના ગુના માટે શિક્ષા |
| ૩૭૯ | ચોરી માટે શિક્ષા |
| ૩૮૦ | ખુલ્લા મકાનમાંથી ચોરી માટે શિક્ષા |
| ૪૫૪ & ૩૮૦ | દિવસની ઘરફોડ ચોરી માટે શિક્ષા |
| ૪૫૭& ૩૮૦ | રાત્રીની ઘરફોડ ચોરી માટે શિક્ષા |
| ૩૯૨ | લુંટ માટે શિક્ષા |
| ૩૯૪ | વ્યથા કરી લુંટ કરવા માટે શિક્ષા |
| ૩૯૫ | ધાડ માટે શિક્ષા |
| ૩૯૯ | ધાડ પાડવાની તૈયારી માટે શિક્ષા |

| | |
|---|---|
| ૪૦૬ | ગુનાહિત વિશ્વાસઘાત |
| ૪૦૮ | ભારવાહક દ્વારા વિશ્વાસઘાત |
| ૪૧૧ | ચોરીનો માલ રાખવા માટે શિક્ષા |
| ૪૧૯ | ખોટા નામે ઠગાઈ કરવા બદલ શિક્ષા |
| ૪૨૦ | ઠગાઈ માટે શિક્ષા |
| ૪૨૯ | જાનવરોને નુકશાન કરવા બદલ શિક્ષા |
| ૪૩૬ | ઘર વગેરેને આગથી નુકશાન બદલ શિક્ષા |
| ૪૬૧ | બંધપાત્રને તોડવું |
| ૪૬૫ | ખોટો દસ્તાવેજ બનાવવો |
| ૪૮૯-ક | બનાવટી નોટ કબજામાં રાખવી |
| ૪૯૭ | વ્યભિચાર |
| ૪૯૮-ક | સ્ત્રીના પતિ અથવા પતિના સગા દ્વારા ત્રાસ |
| ૫૦૦ | બદનક્ષી |
| ૫૦૬ | જાનથી મારી નાખવાની ધમકી માટે શિક્ષા |
| ૫૦૯ | સ્ત્રી જ્યાં હોય તે એકલી જગ્યામાં પ્રવેશ કરવા બદલ શિક્ષા |
| ૫૧૧ | ગુનાની કોશિશ |

# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩
# THE CODE OF CRIMINAL PROCEDURE 1973

## પ્રસ્તાવના

ભારતીય ફોજદારી કાયદા હેઠળના ગુન્હાઓની તપાસને લગતી કાર્યવાહીમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (C.R.P.C.) ની આધુનીક જોગવાઈઓનું જ્ઞાન હોવું દરેક પોલીસ અમલદાર માટે ઘણું આવશ્યક છે. આ કાયદાના પ્રકરણ ૧૨ હેઠળની તમામ જોગવાઈઓ (કલમ ૧૫૪ થી ૧૭૬ સુધીની) ઘણી જ ઉપયોગી છે. ગુન્હાઓની તપાસો દરમિયાન દરેક પોલીસ અમલદાર આ જોગવાઈનો રોજિંદો ઉપયોગ કરે છે. જેથી આ જોગવાઈઓનો ઉંડો અભ્યાસ હોવો જરૂરી છે. જેમાં પોલીસની સત્તા અને ગુન્હો દાખલ થયા પછી તેના નિકાલ અંગેની જોગવાઈઓનો સમાવેશ આ પ્રકરણ હેઠળ થયેલ છે.

પોલીસ તપાસોની કાર્યપધ્ધતિને લગતા હાલમાં થયેલા કેટલાક સુધારાઓ જાણવા જરૂરી છે. જેમાં

(૧) ફોજદારી કાર્યરીતિ (સુધારા) અધિનિયમ ૨૦૦૫ અમલ તા.૨૩-૬-૦૬

(૨) ક્રિમીનલ લો (સુધારા) અધિનિયમ ૨૦૦૫ (૨૦૦૬નો બીજો) અમલ તા.૧૬-૪-૦૬

(3) ફોજદારી કાર્યરીતિ (સુધારા) અધિનિયમ ૨૦૦૮ (૨૦૦૯નો પાંચમો કાયદો) અમલ તા.૧-૧૧-૨૦૧૦

તે સુધારા અન્વયે નીચે મુજબની નવી કલમોનો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં કલમ ૪૧એ, ૪૧બી,૪૧સી,૫૦એ, ૫૫એ, ૬૦એ, ૧૪૪એ, ૧૫૩એએ, ૧૬૪એ, ૧૯૫એ, ૩૧૧એ, ૩૫૭એ, ૪૩૬એ, ૪૩૭એ નો સમાવેશ થાય છે.

# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ અંગેની અગત્યની જોગવાઈઓ

- ❖ ધરપકડ થયેલ વ્યક્તિને તેની ધરપકડ કરવામાં આવેલ છે અને અમુક સ્થળે અટકાયતમાં રાખેલ છે, તેવી જાણ તેના મિત્ર અથવા સગા સંબંધીને કરવી ફરજીયાત છે.
- ❖ વ્યક્તિની ધરપકડ અંગેની નોંધ જે તે અટકાયતના સ્યળે પોલીસ સ્ટેશન ની સ્ટેશન ડાયરીમાં કરવાની રહેશે
- ❖ કોઈપણ પોલીસ અધિકારી ૨૪ કલાકથી વધુ સમય માટે વોરંટ વગર અટક કરાયેલ વ્યક્તિને પોતાની કસ્ટડીમાં રાખી શકશે નહિ. **(CRPC** કલમ- ૫૭)
- ❖ કોઈ પણ પોલીસ અમલદાર કોગ્નીઝેબલ ગુન્હામાં સંડોવાયેલા વ્યક્તિની વગર વોરંટે અટક કરી શકે છે. **(CRPC** કલમ ૪૨(૧)એ)
- ❖ **CRPC** હેઠળ ગુનેગાર તરીકે જાહેર કરવામાં આવેલ વોન્ટેડ ગુનેગારોની ધરપકડ કોઈપણ પોલીસ અમલદાર કરી શકે છે. **(CRPC** કલમ ૪૧(૧)સી)
- ❖ જ્યારે કોઈ શખ્સ પોલીસની હાજરીમાં નોન કોગ્નીઝેબલ **(N.C.)** ગુન્હો કરે અને પોલીસ અમલદાર તેનું નામઠામ પૂછે ત્યારે ઈન્કાર કરે અથવા ખોટું નામઠામ હોવાનો શક પેદા થાય ત્યારે તેવા શખ્સની પોલીસ અમલદાર ધરપકડ કરી શકે છે. **(CRPC** કલમ ૪૨(૧))
- ❖ જ્યારે મેજીસ્ટ્રેટની હાજરીમાં કોઈ ગુન્હો બનેલો જણાય તો એકઝીક્યુટીવ કે જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (પોતાની હદમાં) જાતે આવા ગુનેગારની ધરપકડ કરી શકે છે. અથવા અન્ય કોઈની મદદથી ધરપકડ કરાવી શકે છે. **(CRPC** કલમ ૪૪(૧) )
- ❖ જ્યારે કોઈ શખ્સને ગુન્હામાં પકડયા બાદ પોલીસને એમ માનવાને કારણ હોય કે તેની શારીરિક ચકાસણી (તપાસા) કરાવવાથી કોઈ પુરાવો મળે તેવી સંભાવના છે, તો મેડીકલ ઓફીસરને તેવા પોલીસ અધિકારી **(PSI** થી નીચેના દરજ્જાના ન હોય) તેવા મેડીકલ તપાસણી કરવા જણાવી શકે અને **R.M.P.** માટે તેમ કરવું કાયદેસરનું ગણી શકાય. **(CRPC** કલમ ૫૩ (૧) )
- ❖ ઉપરના કિસ્સામાં જ્યારે કોઈ સ્ત્રી ગુનેગારની મેડીકલ તપાસણીનો પ્રસંગ ઉભો થાય તો માત્ર લેડી ડોકટર **R.M.P.** થી તપાસણી કરી શકશે. **(CRPC** કલમ ૫૩(૨))

- ❖ જ્યારે બળાત્કાર કે તેની કોશિશના ગુન્હામાં કોઈ શખ્સની ધરપકડ થયેલી હોય અને એમ માનવાને કારણો હોય કે તેની શારીરિક તપાસણીથી ગુન્હો બન્યાનો પુરાવો મળે તેમ છે, તો (PSI થી નીચેના દરજ્જાના ન હોય) તેવા પોલીસ અમલદારની વિંનતીથી સરકારી હોસ્પિટલના R.M.P. તહોમતદારની શારીરિક તપસણી કરી શકશે અને જરૂર પડે જરૂરી બળ પણ વાપરી શકશે. (CRPC કલમ ૫૩એ(૧))
- ❖ જ્યારે કોઈ ગુન્હામાં પકડાયેલ શખ્સને મેજીસ્ટ્રેટ રૂબરૂ રજુ કરવામાં આવે ત્યારે તે મેજીસ્ટ્રેટ રૂબરૂ પોતાની શારીરિક તપાસણી કરવાની ઈચ્છા વ્યક્ત કરે (એટલા માટે કે તેમ કરવવાથી તેનો ગુન્હો નાસાબિત થાય તેવો પુરાવો પ્રાપ્ત થાય છે તેમ છે,તો ) તો તે મેજીસ્ટ્રેટ તેન શારીરિક તપસણ ડોકટર દ્વારા કરાવી શકે છે. (CRPC કલમ ૫૪(૧))
- ❖ ઉપર મુજબ આરોપીની ઈચ્છાથી થયેલ મેડીકલ તપાસણી રિપોર્ટની નકલ R.M.P. એ આરોપીને આપવાની રહેશે C.R.P.C. કલમ ૧૫)
- ❖ જ્યારે કોઈ ગુન્હામાં આરોપીની ધરપકડ થયેલી હોય અને તપાસ દરમિયાન આરોપીની અન્ય શખ્સ કે શખ્સો દ્વારા ઓળખ કરાવવાનું જરૂરી બને તો સ્થાનિક કોટ પોલીસ સ્ટેશન ના ઈન્ચાજ  અમલદારની વિનંતીથી તેવા આરોપીને પોતાની ઓળખ કરાવવા આદેશ આપી શકે છે (C.R.P.C કલમ ૫૪ એ)
- ❖ વગર વોરંટે ધરપકડ કરાયેલ તમામ આરોપીઓનો અહેવાલ  પોલીસ સ્ટેશન ના ઈન્ચાજ  અધિકારીએ  સ્થાનિક હદ ધરાવતા સબ ડીવી મેજીસ્ટ્રેટ ને ફરજીયાત મોકલવાનો રહે છે(C.R.P.C  કલમ – ૫૮)
- ❖ ધરપકડના વોરન્ટની બજવણી ભારતના કોઈપણ હિસ્સામાં કરી શકાય. (C.R.P.C  કલમ – ૭૭)
- ❖ રીઢા ગુનેગારો સામે સારી ચાલચલગતના જામીન લેવાની સત્તા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને છે. (C.R.P.C  કલમ – ૧૧૦)
- ❖ આરોપી ૯૦ દિવસ પછી જામીન ઉપર છુટવા હક્કદાર છે.
- ❖ કોઈ વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં જઈ કોગ્નીઝેબલ ગુન્હાની ફરિયાદ કરે છે. અને PSO પાસેથી તે ફરિયાદની નકલ વિનામૂલ્યે તે વ્યક્તિ મેળવી શકે છે. (C.R.P.C  કલમ – ૧૫૪(૨))
- ❖ કેસ ડાયરીનો ઉપયોગ કોર્ટમાં પુરાવા તરીકે કરી શકે નહિ. (C.R.P.C  કલમ – ૧૭૨(૨))
- ❖ FIR માં માહિતી આપનારની સહી લેવી ફરજિયાત છે. અભણ હોય તો અંગુઠાનું નિશાન લેવું જોઈએ.

- ગુન્હો નોંધયા પછી દરેક કોગનીઝેબલ – નોન કોગ્નીઝેબલ ગુન્હાની સંક્ષિપ્ત વિગતો (સારાંશ) ની નોંધ PSO ને સ્ટેશન ડાયરીમાં કરવાની રહે છે.
- ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ હેઠળ ખોરાકી માટેની અરજી ચલાવવાની સત્તા ફેમેલી કોર્ટને છે.
- પોલીસ અધિકારી સમક્ષ આપેલ જવાબ ની નીચે આપનાર વ્યક્તિએ હસ્તાક્ષર કરવાના હોતા નથી. (C.R.P.C કલમ – ૧૬૨)
- ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૮ હેઠળ રિપોર્ટ મળ્યા પછી મેજિસ્ટ્રેટ પ્રાથમિક તપાસ માટે હુકમ કરી શકે છે.

# ફોજદારી કાર્યરીતિ અધિનિયમની અગત્યની કલમો

કલમ – ૩૬ ઉપલા દરજ્જાના પોલીસ અધિકારીઓની સત્તા

કલમ – ૩૭ મેજિસ્ટ્રેટ અને પોલીસને મદદ કરવાની લોકોની ફરજ

કલમ – ૪૧ વગર વોરંટ ધરપકડ કરવાનો પોલીસનો અધિકાર

કલમ - ૪૧સી જિલ્લાઓમાં કન્ટ્રોલ રૂમ

કલમ- ૪૨ નામઠામ જણાવવાની ના પડનારને પકડવાની સતા

કલમ – ૫૧ પકડાયેલ વ્યક્તિઓની ઝડતી

કલમ – ૫૭ પકડાયેલ વ્યક્તિને ચોવીસ કલાકથી વધુ સમય સુધી અટકાયતમાં ન રાખવા બાબત

કલમ – ૬૧ સમન્સનો નમૂનો

કલમ – ૬૨ સમન્સ બજાવવાની રીત

કલમ – ૬૬ સરકારી નોકરી ઉપર સમન્સથી બજવણી

કલમ – ૬૭ સ્થાનિક હદની બહાર સમન્સની બજવણી

કલમ – ૭૦ ધરપકડના વોરંટો નમૂનો અને તેની મુદ્દત

કલમ – ૮૨ ફરારી માટે જાહેરનામું

કલમ – ૮૩ ફરારી મિલકતની જપ્તી

કલમ – ૮૭ સમન્સને બદલે કે તે ઉપરાંત વોરંટ કાઢવા બબત

કલમ – ૮૮ હાજરી માટે મુચરકો લેવા બાબત

કલમ – ૧૦૭ બીજા કિસ્સાઓમાં સુલેહ જાળવવા માટે જામીગીરી

કલમ – ૧૦૯ શંકાસ્પદ વ્યક્તિઓ પાસેથી સારા વર્તન માટેની જામીનગીરી

કલમ – ૧૧૦ રીઢા ગુનેગાર પાસેથી સારા વર્તન માટેની જામીનગીરી

કલમ – ૧૫૧ પોલીસ અધિકારનો ગુનો થતો અટકાવવા માટે ધરપકડ

કલમ – ૧૫૨ જાહેર મિલકતને નુકશાન થતું અટકાવવા બાબત

કલમ – ૧૫૩ તોલમાપની તપાસણી

કલમ – ૧૫૪ પોલીસ અધિકારન કેસોમાં ખબર (કોગ્નીઝેબલ કેસોમાં) **F.I.R.**

કલમ – ૧૬૪એ બળાત્કારનો ભોગ બનેલની તબીબી તપાસ

કલમ – ૧૬૫ પોલીસ અધિકારીએ ઝડતી લેવા બાબત

કલમ – ૧૭૨ પોલીસ તપાસમાં કાર્યવાહીની ડાયરી

કલમ – ૧૭૩ પોલીસ તપાસ પૂરી થયે પોલીસ અધિકારીનો રિપોર્ટ (ચારર્શિટ)

# ગુજરાત પોલીસ અધિનિયમ

ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) અધિનિયમ ૨૦૧૧ ની અનુસુચિથી બોમ્બે પોલીસ એક્ટને બદલે ગુજરાત પોલીસ એક્ટ નામ બદલી સુધારા કરેલ છે. અમલ તારીખ ૧૩ – ૪ - ૨૦૧૧

## ગુજરાત પોલીસ એક્ટની અગત્યની કલમો

| કલમ | ટૂંક વિગત |
|---|---|
| ૧૦૨ | જાહેર જગ્યામાં અડચણ |
| ૧૦૩ | ફૂટપાથ ઉપર અડચણ |
| ૧૧૦ | જાહેર જગ્યામાં બીભત્સ વર્તન |
| ૧૧૬ | જાહેર બિલ્ડિંગમા બીડી પીવાની મનાઈ |
| ૧૧૭ | સજા વિશે |
| ૧૧૮ | રખડતાં ઢોર બાબતે |
| ૧૨૦ | કારણ વગર બિનઅધિકૃત પ્રવેશ |
| ૧૨૨ | રાત્રી દરમિયાન સંતોષકારક જવાબ ના આપવા બદલ |
| ૧૩૫ | જાહેરનામાનો ભંગ |
| ૧૪૨ | તડીપાર થયેલી વ્યક્તિને હદમાં પ્રવેશ |
| ૧૪૫ | પોલીસ કર્મચારીને કારણ વગર ફરજ પર ગેરહાજર રહેવા બદલ |

# ગુજરાત પોલીસ અધિનિયમ

- માથા ભારે વ્યક્તિને હદપાર કરવા અંગે, **કલમ-૫૬**
- દોષિત ઠરેલી વ્યક્તિને હદપાર કરવા અંગે, **કલમ-૫૭**
- લોકો પ્રત્યે પોલીસની ફરજો, **કલમ-૬૬**
- બિનવારસી મિલકત તાબામાં લેવાની સત્તા, **કલમ-૮૨**
- રસ્તા ઉપર અડચણ કરવા અંગે **કલમ-૯૯થી ૧૦૪**
- સાર્વજનિક જગ્યામાં ત્રાસદાયક કૃત્ય કરવા, **કલમ-૧૦૫**
- જાહેરમાં નિર્લજ્જપણે વર્તન કરવું, **કલમ- ૧૧૦**
- રસ્તામા આવતા-જતા લોકોને ત્રાસ આપવો, **કલમ-૧૧૧**
- સુલેહનો ભંગ કરવાના ઇરાદાથી ગેરવર્તન કરવું, **કલમ-૧૧૨**
- રસ્તામાં કે નજીક અપકારક કૃત્ય કરવા, **કલમ-૧૧૫**
- જાહેર મકાનમાંની નોટિસનો અનાદર કરવો, **કલમ-૧૧૬**
- કલમનો ભંગ કરવા બદલ રૂ. ૧૧૦ સુધી દંડની શિક્ષા થઈ શકે છે, **કલમ-૧૧૭, કલમ ૯૯થી ૧૧૬**
- આગના ભયની ખોટી ખબર આપવી, **કલમ-૧૨૧**
- અધિકાર વગર હથિયાર બાંધીને ફરવુ, **કલમ-૧૨૩**
- મુજબ કરેલા નિયમોનો ઉલ્લઘન કરવા અંગે, **કલમ-૧૩૧, કલમ-૩૩**

# મોટર વાહન અધિનિયમ ૧૯૮૮

# MOTOR VEHICLES ACT 1988

કલમ – ૩ ડ્રાઈવિંગ માટેના લાઈસન્સની જરૂરિયાત

કલમ – ૪ મોટર વાહનો ચલાવવાની બાબતમાં વય મર્યાદા

કલમ – ૫ કલમ ૩ અને ૪ ના ભંગ માટે મોટર વાહનના માલિકોની જવાબદારી

કલમ – ૮ શિખાઉ લાયસન્સ આપવા બાબત

કલમ – ૧૧૯ ટ્રાફિક નિશાનીઓનું પાલન કરવાની ફરજ

કલમ – ૧૨૧ સંકેતો તથા સંકેત આપવાની રચનાઓ

કલમ – ૧૨૨ વાહનને જોખમી સ્થિતિમાં રહેવા દેવા બાબત

કલમ – ૧૨૩ ફુટબોર્ડ ઉપર મુસાફરી

કલમ – ૧૨૪ પાસ અથવા ટિકિટ વગર મુસાફરી કરવા સામે પ્રતિબંધ

કલમ – ૧૨૫ ડ્રાઈવરને અવરોધ

કલમ – ૧૨૬ ઊભાં રાખેલાં વાહનો

કલમ – ૧૨૭ જાહેર સ્થળે છોડી દીધેલ અથવા બેકાળજીથી મુકી દીધેલ મોટર વાહન દૂર કરવા બાબત

કલમ – ૧૨૯ રક્ષણાત્મક ટોપો પહેરવા બાબત

કલમ – ૧૩૦ લાઈસન્સ અને નોંધણીનું પ્રમાણપત્ર રજૂ કરવાની ફરજ

કલમ – ૧૩૩ માહિતી આપવાની મોટર વાહનના માલિકની ફરજ

કલમ – ૧૭૭ ગુનાઓ માટે નસીયત કરવાની સમાન્ય જોગવાઈઓ

કલમ – ૧૭૯ હુકમોની અવજ્ઞા, રૂકાવટ ઊભી કરવી કે બાતમી આપવાની ના પાડવી

કલમ – ૧૮૦ અનધિકૃત વ્યક્તિઓને વાહનો ચલાવવાની છૂટ આપવા બાબત

કલમ – ૧૮૧ કલમ ૩ અને ૪ નું ઉલ્લંઘન કરીને વાહન ચલાવવા બાબત

કલમ – ૧૮૩ વધુ પડતી ઝડપે વાહન ચલાવવા બબત

કલમ – ૧૮૪ ભયજનક રીતે વાહન હંકારવું

કલમ – ૧૮૫ નશાકારક પીણાં કે પદાર્થની અસર હેઠળ વહન ચલાવવા બાબત

કલમ – ૧૯૭ અધિકાર વિના મોટર વાહન લઈ જવા બાબત

કલમ – ૨૦૦ અમુક ગુનાઓની માંડવાળ

કલમ – ૨૦૨ વોરંટ વગર પકડવાની સત્તા (કલમ ૧૮૪, ૧૮૫, ૧૯૭ ના ભંગ બદલ)

કલમ – ૨૦૭ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ કે પરમિટ સિવાય વપરાતાં વાહન અટકાવવાની સત્તા

# ગુજરાત નશાબંધી ધારો

ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) અધિનિયમ ૨૦૧૧ ની અનુસુચિથી બોમ્બે પ્રહિબીશન એક્ટને બદલે ગુજરાત પ્રહિબીશન એક્ટ નામ બદલી સુધારા કરેલ છે. અમલ તારીખ ૧૩ – ૪ – ૨૦૧૧

## પ્રોહિબિશન એક્ટની અગત્યની કલમો

| કલમ | ટૂંક વિગત |
|---|---|
| ૬૫ | ભઠ્ઠીનો |
| ૬૬ | કબજાનો |
| ૮૧ | ગુનામાં મદદગારી |
| ૮૩ | ગુનાનું કાવતરૂં |
| ૮૪ | મહેફિલ કેસમાં |
| ૮૫-૧-૩ | પીવા માટે |
| ૮૬ | જગ્યા વાપરવા માટે આપે તેને શિક્ષા |

- પરમિટ વગર કેફી પીણું પીવું, **કલમ-૧૩૧, કલમ,૩૩**
- દેશી-વિદેશી દારૂ કબજામાં રાખવો, **કલમ-૬૬(૧)બી, ૬૫એઇ**

# જુગાર ધારાની અગત્યની કલમો

| ક્રમ | કલમ | ટૂંક વિગત |
|---|---|---|
| ૧ | **૧૨** | જાહેરમાં જુગાર રમવા બાબતે |
| ૨ | **૧૨-અ** | વરલી મટકાના જુગાર રમવા બાબતે |
| ૩ | **૪ & ૫** | ઘરમાં જુગાર રમવા બાબતે |

# અન્ય ધારાની અગત્યની કલમો

| ક્રમ | કલમ | ટૂંક વિગત |
|---|---|---|
| **બાળલગ્ન ધારા** | | |
| ૧ | **૩&૪&૫** | નાની ઉંમરે છોકરા-છોકરીનાં લગ્ન કરાવે તો છોકરા, છોકરી, માતાપિતા<br>તેમજ ગોરમારાજને સજાની જોગવાઈ |
| **પ્રાણીઓ પ્રત્યે ઘાતકીપણાનો કાયદો** | | |
| ૧ | **૧૧** | પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા આચરવા બાબતે |
| **હથિયાર ધારા** | | |
| ૧ | **૨૫** | વગર લાઇસન્સે હથિયારનો ઉપયોગ કરવા બદલ શિક્ષા |
| 2 | **૨૭** | હથિયારનો ગેરકાયદે ઉપયોગ કરવો |
| 3 | **30** | લાઇસન્સનો ભંગ કરવા બદલ શિક્ષા |
| **એક્સપ્લોઝિવ એક્ટ** | | |
| ૧ | **૪ & ૫** | સ્ફોટક પદાર્થ ગેરકાયદે કબજામાં રાખવા બદલ |
| **ફોરેસ્ટ ધારા** | | |
| ૧ | **૪૧&૪૨&૬૨** | વગર મંજૂરીએ પ્રતિબંધિત એરિયામાંથી જંગલ ખાતાની મિલકત લઈ જવા બદલ |
| **એટ્રોસિટી એક્ટ** | | |
| ૧ | **૩-૧-૧૦** | જાહેરમાં અનુ. જાતિ / જનજાતિનું અપમાન કરવા બદલ |
| ૨ | **૩-Z-૫** | જાહેરમાં અનુ. જાતિ / જનજાતિ પ્રત્યે ભારે ગુના આચરવા બદલ |
| **માનસિક અસ્થિરતા કાયદો** | | |
| ૧ | **૨૩** | માનસિક રીતે અસ્થિર વ્યક્તિને માટે |

# જુદા જુદા કાયદાઓની અગત્યની જોગવાઈઓ

## ❖ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯

- લાઇસન્સ વગર અગ્નિ શસ્ત્ર ( હથિયાર ) કબજામાં રાખવું, **કલમ-૨૫(૧-ખ)(ક)**
- લાઇસન્સ વગરની વ્યક્તિ પાસેથી હથિયાર ખરીદવું કે, લાઇસન્સ વગરની વ્યક્તિને હથિયાર વેચવું, **કલમ-૨૯(એ)(બી)**

## ❖ નાર્કોટીક્સ ડ્રગ્સ અને સાઇકો-ટ્રોપીક સબ-સ્ટન્સિઝ એક્ટ ૧૯૮૫

- અફીણ ,પોષ ડોડા, ભાંગના છોડ, ગાંજાના છોડ વાવેતર અથવા કબજામાં રાખવા અંગે, **કલમ-૧૫થી ૨૭ તથા ૨૭(એ)**

## ❖ માહિતી પ્રપ્તીનાં હક માટેનો કાયદો ૨૦૦૫

**(RIGHT TO INFORMATION ACT 2005)**

## ❖ કોપી રાઈટ અધિનિયમ ૧૯૫૭

**(THE COPY RIGHT ACT 1957)**